# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૪ • સળંગ અંક : ૧૦૭ • તા. ૨૭ જૂન ૨૦૨૦ થી ૩ જૂલાઈ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# છઠ્ઠા આંતરરાષ્ટ્રિય યોગ દિવસ નિમિતે સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઓનલાઈન યોગ શિબિરનું આયોજન










SHREE SAMAST KDO JAIN MAHAJAN
UVA
YOUTH UNITED FOR VISION AND ACTION

મંદિર તારું વિશ્વ રૂપાળું
સુંદર સર્જન હારા રે,
પળ પળ તારા દર્શન થાયે,
દેખે દેખણ હારા રે.
નહીં પૂજારી, નહીં કો દેવા,
નહીં મંદિરને તાળા રે.
નીલ ગગનમાં મહિમા ગાતા,
ચાંદો સૂરજ તારા રે.
વર્ણન કરતા શોભા તારી,
થાક્યા કવિગણ સારા રે,
અવનિમાં તું ક્યાં છુપાયો,
શોધે બાળ અધીરા રે.



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# માણસ માત્રમાં ઈચ્છાઓ-અપેક્ષાઓ ભરેલી છે

માણસ માત્રમાં ઈચ્છાઓ અને અપેક્ષાઓ ઠાંસોઠાંસ ભરેલી છે. આ કામનાઓ જેના લીધે તેનામાં સુખ વૃતિ પોષાય છે. દરેકનું જીવન ઈચ્છાઓનો ગુલદસ્તો છે. આ કંઈ એકલ દોકલ ઈચ્છાઓ નહીં પણ અઢળક કામનાઓ, અધૂરી અપેક્ષાઓ અને અન્ય પાસે રાખેલી વાંછનાઓ માણસને જીવતો રાખે છે. આજે નહીં તો કાલે આ અપેક્ષાઓ પૂર્ણ થશે એ તાકમાં ને તાકમાં માનવી જીવે છે. શ્વાસ લે છે. તદ્દન સામાન્ય ઈચ્છાથી લઈને અપેક્ષા બહારની ઈચ્છાઓ માનવીના મન-મગજમાં જીવે છે અને એના સહારે તે પોતે જીવે છે. આ અધૂરી અપેક્ષાઓને પૂરી કરવા માણસ સતત દોડતો, ભાગતો રહે છે. જો કોઈ ઈચ્છા જ ન હોય તો આ જીવન શુષ્ક થઈ જાય અને માનવી નિષ્ક્રીય બનીને એદીનો પીર બનીને સુષુપ્ત થઈ જાય. આમ ઈચ્છાઓ આપણને સમૃદ્ધ બનવા પ્રેરે છે, તો ઈચ્છાઓ ખરાબ પ્રવૃત્તિ ભણી પણ દોરે છે.

ઈચ્છાપૂર્તિ થવાની ભાવનાથી માણસ ચેતનવંત રહે છે, કાર્યશીલ અને ઉદ્યમી થાય છે. અત્યંત સામાન્ય વર્ગનો માનવી સમૃદ્ધિ શમણાં સેવતો જીવે છે. સુખની પાસે લટકતાં ગાજરની લાલચે દોડતો પ્રાણી હડિયાપટ્ટી કાઢે એવો તાલ એનો હોય છે. પોતાની જીવન કક્ષા ઊંચે આવે એવી અપેક્ષા સામાન્ય વર્ગના માનવી તો શું સમૃદ્ધવાન વ્યક્તિ પણ વધુને વધુ સમૃદ્ધિ ઝંખતો હોય છે. આ બધી અપેક્ષા ઈચ્છાઓના અભરખાને લીધે જ ઈચ્છાઓ અનંત છે. નાની હોય કે મોટી ઈચ્છાઓ માણસને સતત દોડતો રાખે છે. ઈચ્છાઓની પૂર્તિ થાય કે ન થાય પણ માણસ ઈચ્છાઓથી સદંતર મુક્ત જીવનના અંત સુધી થઈ શકતો નથી. આમ ઈચ્છાઓનો ભરડો માનવીની ઈર્દગિર્દ વીંટળાયેલો રહે છે. નાગચૂડની જેમ તેનો ભરડો જકડેલો હોય છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ અનંત છે. જેમ સમુદ્રમાં આવતી લહેરો ગણાય નહીં એમ અપેક્ષા, ઉમ્મીદની ગણતરી ક્યારે પૂરી ના થાય. જેમ સાગરની તરંગ એક કિનારે પહોંચે તેની પાછળ પાછળ બીજી લાગો પાઠ આવી જાય. આ સિલસિલો સળંગ રહે છે. એની ગણતરી કોઈનાથી ન થાય અને ગણતરી કરે તો ક્યારે પૂર્ણાહૂતિ ન પામે એ તો અવિરત ચાલ્યા કરે.

ઈચ્છાઓનું મૂળ ક્યાં છે? એ કોઈનાથી શોધી શકાયું નથી. તે ક્યાંથી જન્મે છે અને ક્યાં વિરમે છે, એનો પણ તાગ મળતો નથી. જેમ રડતા નાના બાળકને તેની માતા પંપાળી શાંત કરવા મથે. તે ભૂખ્યો હોય તો તેની સુધા તૃપ્ત કરે કે અન્ય રીતે તેના રડવાનું પ્રયોજન શોધી તેને છાનો પાડે છે. એવું જ અતૃપ્ત મનનું છે. ઈચ્છાઓ, અપેક્ષાઓ કામનાઓનો અગ્નિ ભડભડતો હોય છે. કેમય કરીને એ શાંત ન થયો હોય, ઈચ્છાઓની અતૃપ્તિ તેને નિરાશ કરે છે. તેમ તેમ સમય જતાં એ વલખા મારી મારી જીવતો રહે છે. સતત ઈચ્છાપૂર્તિ માટે તનતોડ પ્રયાસ કરે છે. ઈચ્છાઓની તૃપ્તિ એના જીવનમાં વધુ સાહસ, વધુ શ્રમ કરવા પ્રેરે છે. નજીવી જેવી સફળતા મળે તો તેનાથી પ્રબળ ઝંખનાઓ જગાવી મહત્વાકાંક્ષા વધારી લક્ષ્ય ભણી દોટ મૂકે છે. સફળતાનો સ્વાદ તેને પ્રગતિશીલ બનાવે છે. આમ ઈચ્છાઓ, અપેક્ષાઓને લીધે જીવનને ગતિ પ્રગતિ મળે છે.

-જય જ્ઞાતિમૈયા

# સૌ સુખી રહે, સ્વસ્થ સંતોષી રહે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જેનું જન્મ થયો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મરણ અફર છે, માત્ર તેનો સમય આપણને ખબર નથી. આ જીવન પરમેશ્વર અને પ્રકૃતિની અણમોલ દેન છે. આ મહામૂલ્ય મનુષ્ય અવતાર મળ્યો છે. તે માટે આપણે પરમાત્માના ઉપકારી છીએ. પણ આ અવતાર સફળ થાય, કોઈની ઉપયોગી થાય એ માટે આપણે સતત પ્રયાસ કરવા જોઈએ. પરોપકારને પરમાર્થ અન્યો માટે ઉદાત ભાવ, કરૂણા, દયા અને હેત લાગણી સતત રાખવા જોઈએ.

ભૂખ લાગી હોય ત્યારે ખોરાક એ જરૂરિયાત છે. અન્ન ગ્રહણ સાથે સંતોષ થાય, પેટ ભરાય પણ, કોઈ જરૂરિયાત વાળાને સંતોષ સુખ આપી શકીએ એનો આનંદ અનેક ગણો આપણને મળે છે. કોઈક જરૂરિયાતવાળાને ઉપયોગી થઈ શકીએ કોઈના દુઃખ દર્દને દૂર કરી શકીએ. આપણાથી ગજા બહારની વાત હોય, શક્તિ સામર્થ્ય ઉપરાંતની વાત હોય તો આપણી હેસિયત મુજબ સહાય કરી, બીજા પાસે મદદ માંગી તેને પૂરી રાહત આપી શકીએ. તેનો પૂણ્ય પણ વિશેષ હોય છે.

મુસીબતમાં સપડાયેલો હોય એને રાહત આપી શકીએ, તેના દુઃખમાં સાંત્વના આપી શકીએ, તેનો સહારો બની આધાર આપીએ એ માનવ ધર્મ છે. તળેટીમાંથી કપરા સંજોગોને પાર કરી કષ્ટ વેઠી, તાપ સંતાપ સહન કરી શિખરે પહોંચી જવાની સિદ્ધિ અનેરી હોય છે. પણ, આપણી પાછળ આવનાર પ્રત્યે હાથ લંબાવી તેને સધિયારો આપીએ સહાય કરીએ અને તેને પણ ટોચ પર પહોંચાડીએ.

દયા, કરૂણા અને લાગણી, ભ્રાતૃભાવ જ્ઞાતિજનો પ્રતિ અને પ્રત્યેક જીવન તરફ ધરાવીએ અને ઉત્તમ માનવ અવતાર મળ્યો છે એને ઉજાળીએ.

***सर्वे भंवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।***
***सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुः खभाग्भवेतः ।।***

અર્થાત : બધા સુખી રહે, સર્વે રોગ મુક્ત રહે, સર્વે મંગલમય ક્ષણોના સાક્ષી બને અને કોઈને પણ ક્યારે દુઃખોના ભાગી ન બનવું પડે.

આ પ્રાર્થના આ કામના નિરંતર આપણા હૃદયની હોય, શુદ્ધ ભાવથી સદાય હોય.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# છઠ્ઠા આંતરરાષ્ટ્રિય યોગ દિવસ નિમિતે સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા ઓનલાઈન યોગ શિબિરનું આયોજન






તા.૨૧ જૂન રવિવારના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હતો. સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા આ દિવસે ઓનલાઈન સેશન સમસ્ત મહાજનના ફેસ બુક પેજ પર સવારના ૯.૩૦ થી પ્રીતિ શાહ અને ગિતેશ શાહ દ્વારા યોજાયો હતો. આ સેશનમાં વાર્મઅપ, આસન, પ્રાણાયામ વિગેરેનું પધ્ધતિસરનું છણાવટ સાથે બન્ને જણાએ નિદર્શન કર્યું હતું. સરળભાષામાં પ્રત્યેક આસન કરવાથી થતાં ફાયદા પણ સૌને સમજાવ્યા હતા.

૧ કલાક ૧૬ મિનીટોનું આ યોગ સેશન વિડીયોનો લાભ ૩૦૦૦થી વધુ લોકોએ લીધો હતો. જેની ફેસબુક લીંક https://www.facebook.com/groups/samastmahajan/permalink/727840721352523/ પર જોઈ શકો છો. કુદરતી રીતે તન અને મનની તંદુરસ્તી માટે યોગ શીખવું અને કરવું જરૂરી છે. દરરોજ આ ક્રિયા પાછળ જતો સમય ભવિષ્યમાં અઢળક લાભ આપતો ખજાનો આપણને આપે છે. આ આસનોમાં જેવા કે પરિવર્તીત ચક્રશન, તાડાશન, હસ્તપદાશન, ભુજંગ આસન ૧ અને ૨, શુલભાસન, નૌકાસન, પવન મુક્તાસન, કપાલભાતી (શુદ્ધ ક્રિયા), અનુલોમ વિલોમ (પ્રાણાયામ) જેવા આસનો કરાવેલ. તેમણે કહ્યું હતું કે તમે હાલમાં જે રીતે છો તે રીતે સ્વીકારો... તમારી જાતને પ્રેમ કરો પછી યોગ કરવાનું શરૂ કરો.







# સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડની ઓનલાઈન મિટીંગ સંપન્ન

શનિવાર તા.૨૭ જુન ૨૦૨૦ના સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની ઓનલાઈન મિટીંગનું ઝુમ એપ દ્વારા પ્રમુખ શ્રી તીલકચંદ દંડના પ્રમુખ પદે યોજવામાં આવ્યું હતું. આ મિટીંગમાં ૨૧ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. આ મિટીંગ દરમ્યાન એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે કોરોના મહામારી કાળ દરમ્યાન આપણે વધુમાં વધુ જ્ઞાતિજનોને મદદરૂપ થઈ શકીએ તે માટે બનતા બધા પ્રયાસ કરવા તેમજ સમસ્ત મહાજનની ગ્લોબલ કાર્ડ સમિતિએ પણ ગ્લોબલ કાર્ડનું હમણા સુધી જે કાર્ડો અપાયા છે તેની સમીક્ષા કરી હતી અને વધુમાં વધુ મેમ્બરો બનાવવા માટેની જવાબદારી દેવાંગભાઈ ખોના અને પ્રવિણભાઈ લોડાયાને સોંપવામાં આવી હતી.

જે બાકી રહી ગયેલા મહારાષ્ટ્ર એકમના મેમ્બર બનાવવાની સંપૂર્ણ જવાબદારી તીલકચંદભાઈએ લીધી હતી અને હાલાર ગામમાં બધાને મેમ્બર બનાવવાની જવાબદારી બિપીનભાઈ નાગડાએ લીધી હતી. મિટીંગમાં વર્ષ ૨૦૧૮-૧૯ના ઓડીટ થયેલા રીપોર્ટને બહાલી આપવામાં આવી હતી. આ મિટીંગનું સંચાલન નિશીથભાઈ દંડ એ કર્યું હતું. આ મિટીંગને વધાવતા દરેક ટ્રસ્ટીઓએ કહ્યુ હતુ કે આ ટાઈપની મિટીંગ સમયાંતરે રાખવી જોઈએ.

# શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં હર્ષોલ્લાસથી ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં શ્રી ચંદ્રપ્રભુ જિનાલય શ્રી ગૌતમ સિંધુ સોસાયટી, પહેલે માળે, આરાધના ટોકિઝ સામે, પાંચપાખડી થાણા પશ્ચિમમાં પ.પૂ.ધ્યાન યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નો ૪૦મો ચાતુર્માસનો મંગલ પ્રવેશ તથા યુવામુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા. જેમની ઋષિ મંડળ મૌન સાધનાનો ૧૮૫ મો દિવસે તા.૨૩ જૂન ૨૦૨૦ મંગળવારના રોજ હર્ષોલ્લાસપૂર્વક ચાતુર્માસ પ્રવેશ થયો.



સાંપ્રત કાળની પ્રર્વતતી પરિસ્થિતિમાં સંઘના સૌએ આયંબિલ તપ આરાધના સૌએ ઘરે રહીને કરી હતી. જેની તપસ્વીઓની અનુમોદના સંઘ દ્વારા વ્યક્ત કરાઈ હતી.

સમય સંજોગને નજરમાં લેતા ગુરૂદેવના દર્શનનો સમય થાણાવાસીઓ માટે સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ તથા થાણા બહારથી દર્શનાથે આવતા ગુરૂ ભક્તો માટે બપોરે ૪.૩૦ થી ૫.૩૦ સુધીનો રહેશે. દર્શન દૂર રહી કરવા મળશે. જે માટે સૌએ સહયોગ આપે એવી અરજ સંઘ દ્વારા કરાઈ છે.

# પ.પૂ. મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિત સાગરજી મહારાજ સાહેબનો સાંગલી સંઘમાં પ્રવેશ





પ.પૂ.મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા.ની તા. ૨૨ જૂન સોમવાર દિને સાંગલી સંઘમાં મંગલ પ્રવેશ થયો. કચ્છી ભવનમાં બે દિવસની સ્થિરતા કરી હતી. સંઘના શ્રાવક શ્રાવિકો દર્શન અને આશીષ લાભ પામી ધન્ય થયા હતા.

---

# પ.પૂ.જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.નવકારગુણાશ્રીજી મ.સા., પ.પૂ.ચંદ્રગુણાશ્રીજી મ.સા.નો ભાંડુપ સંઘમાં ચાતુર્માસ પ્રવેશ





અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાવર્તિ માતૃહૃદયા પ.પૂ.પૂણ્યોદયાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.નવકારગુણાશ્રીજી મ.સા., પ.પૂ.ચંદ્રગુણાશ્રીજી મ.સા. આદીઠાણા-૩નો બુધવાર તા.૨૪ જુન ૨૦૨૦ના સવારે ભાંડુપ નગરે ચાતુર્માસ પ્રવેશ થયેલ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# મુલુંડના ગોવર્ધન નગર સંઘમાં મંગલ ચાતુર્માસ પ્રવેશ

તા.૨૪ જૂન બુધવાર દિને મંગલા પુરી-મુલુંડના ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રીજી વાચંયમાશ્રીજી મ.સા. આષાઢ સુદ ચોથના મંગળ મુહુર્તની શુભ ઘડીએ ચાતુર્માસ પ્રવેશ કરેલ.

વર્તમાન પરિસ્થિતિના કારણોવશ પ્રવેશ સાદાઈથી સંપન્ન થયેલ. સંઘના સૌ શ્રાવક, શ્રાવિકાઓને ચાતુર્માસ પ્રવેશ દિવસે થઈ શકે એટલી વધુ સંખ્યામાં પોતાના ઘરે આયંબિલ કરવાની વિનંતી કરાઈ હતી.

તે ઉપરાંત સૌને બીજી જાહેરાત સંઘ દ્વારા ન થાય ત્યાં સુધી ઉપાશ્રયમાં ન જવા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા વિનંતી કરાઈ છે. સંઘના ટ્રસ્ટીઓ પ્રમુખ રાજેશ વશનજી છેડા (મોટા આસંબિયા-૯૮૯૨૨૮૦૭૬૮), ઉપપ્રમુખ રાયચંદ નરશી દંડ (સાંધવ-૯૯૨૦૧૯૫૫૫૧), ખજાનચી કિશોર ગોવિંદજી કાયાણી (જખૌ-૯૮૨૧૯૧૫૫૪૫) તથા ટ્રસ્ટી હિતેશ દામજી દેઢિયા (બિદડા-૯૩૨૨૨૮૮૭૪૮)

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોચીન દ્વારા ઓનલાઈન શ્રી મહાકાળી માતાની ભાવના કરાઈ






તા.૨૨ જૂન સોમવાર અષાઢી બીજના પાવન દિવસે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોચીન દ્વારા વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ શ્રી મહાકાળી માતાજીની ભાવના દેરસરજીમાં ન રાખી ઓનલાઈન ફેસબુક ઉપર લાઈવ રખાઈ હતી. ભાવના પરેશ દામજી મોતા, સતીષ દંડ અને લલિત લહેરચંદ લોડાયા સંગીત તાલ અને સુરના મેળ દ્વારા ૨ કલાકે મુખ અવિરત રજૂ કરી ધર્મમય માહોલ જમાવ્યો હતો.

આ ભક્તિ આરાધના દ્વારા સૌએ દુનિયા પર આવેલ ભીષણ સંકટમાંથી જલ્દી સહુને માતાજી ઉગાવે એવી પ્રાર્થના પર કરાઈ હતી. આ ભાવનાના પ્રાયોજક માતુશ્રી મધુરીબાઈ દામજી મોતા તથા પુષ્પાબાઈ હંસરાજ નાગડા તીરપુર ચિ. ભૂમિક પરેશ મોતાના હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ ડિગ્રી તથા ચિ. ઋષભ પરેશ મોતાના એસ.એસ.સી.ના સફળ સમાપ્તિના પ્રસંગે રહ્યા હતા. અચલગચ્છ અધિષ્ઠાયિકા શાસનદેવી શ્રી મહાકાળી માતાજીની ભાવના આરાધનાની રંગત kdocochin ના ફેસબુક ઉપર માણી શકાશે.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છી ભવન પાલિતાણામાં ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો



પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પરમ શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અમીત પ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૧૩નો ચાતુર્માસ મંગલ પ્રવેશ કચ્છી ભવન પાલિતાણા મુકામે શુભ ચોઘડિયે થયેલ. સાહેબજી સુખ શાતામાં છે.





# ટેલન્ટેડ યુવતી ધ્વનિ નિશાંત નાગડા દ્વારા યુટ્યુબ ઉપર શોર્ટ સ્ટોરી સિરીઝ વિડીયો મૂકાયો

ધર્મ અને સાહિત્યમાં ઊંડો રસ ધરાવતી અને ભરત નાટ્યમ ડાન્સર ધ્વનિ નિશાંત નાગડા દ્વારા ઈન્સ્ટાગ્રામ પેજ અને યુટ્યુબ ઉપર જાણીતા સાહિત્યકાર અને સમાજસેવિકા સુધા મૂર્તિના હિંદુ ધર્મ વિષયના પુસ્તક ધ મેન ફ્રોમ ધ એગ. The man from the egg ઉપર મીમાંસા ભાષ્યનો વિડીયો તેની યુટ્યુબ ચેનલ સ્ટોરી સ્કેપ સ્ટુડિયો દ્વારા શોર્ટ સ્ટોરી સિરીઝ અંતર્ગત ૭ મિનીટનો અંગ્રેજી ભાષામાં મૂકાયો છે.

સુમધુર સ્પષ્ટ વાક પ્રવાહ અને સરળ ભાષા વૈભવ દ્વારા પુસ્તકમાંના અમુક અંશોનું સુરેખ રીતે દર્શન કરાવ્યું છે. આ વિડીયો https://youtu.be/gPsr0JbSGeQ લીંક ઉપર જઈને માણી શકાશે.



# ઘાટકોપર જીરાવલા દરબારે પૂ.સાધ્વીજી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૧૦નો મંગલમય પ્રવેશ





તા. ૨૦ જૂન શનિવાર રોજે ઘાટકોપરના જીરાવલા દરબારે પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૧૦નો સમયોચિત પ્રવેશ થયો. તેમની સાથે બીજા ૮ સાધ્વીજી મ.સા. પણ હતા. જેઓનું ચાતુર્માસ અન્ય સંઘોમાં છે. ૧૦ સાધ્વીજી મ.સા. માંથી ૯ તો ગુરૂ બહેનો છે અને તેઓ પ.પૂ.સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યાઓ છે.

કોક એક સંઘમાં આટલી સંખ્યામાં બહેનોએ ચાતુર્માસ કરેલ હોય તેવો તીર્થ સ્થળોની અપવાદ બાદ કરતાં આ પ્રથમ પ્રસંગ સર્જાયો છે. સંઘમાં ચાતુર્માસની ધર્મ આરાધનાઓ માટે ઉત્સાહ પ્રર્વતે છે.



# પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા.ના ભાડુંપ સંઘમાં પુનિત પગલાં





તા. ૯ જૂન ૨૦૨૦ મંગળવાર રોજ સવારે ૫.૪૫ કલાકે પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા કેડીઓ જૈન ભાડુંપના આદિનાથ જિનાલયમાં પુનિત પગલાં કર્યા હતા.

# ડોંબિવલીના નવનીત નગર સંઘમાં ચાતુર્માસ પ્રવેશ



તા. ૧૦ જૂન બુધવાર દિને થાણા જિલ્લાના ડોંબિવલીના નવનીત નગર સંઘમાં પ.પૂ.મુનિરાજ તીર્થરત્ન સાગરજી મ.સા. તથા પ.પૂ.મેઘરક્ષિત સાગરજી મ.સા. આદિઠાણા ૬નો ચાતુર્માસ પ્રવેશ હાલ પ્રવર્તતા લોકડાઉન સંજોગોમાં સરકારી સૂચનાઓને સખત રીતે અમલમાં લેતાં અત્યંત સાદાઈથી થયો.

માત્ર જૈનોની વસતી ધરાવતા નવનીત નગરના સૌ શ્રાવક શ્રાવિકાઓ ચાતુર્માસની ધર્મ આરાધનાઓ અને વ્યાખ્યાન શ્રવણનો લાભ પામવા અતિ ઉત્સાહથી રાહ જોઈ રહ્યાં છે.





# વડાલા અચલગચ્છ જૈન સંઘમાં મંગલમય ચાતુર્માસ પ્રવેશ

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસારસૂરિશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી અને તપચક્ર ચક્રવતી અચલચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશિષથી અને પ.પૂ.આ. ભગવંતોશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. કવીન્દ્રસાગરજી મ.સા. એવમં પ.પૂ. વીર મહોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભ આશિષથી સંવત ૨૦૭૬ના ચાર્તુમાસિક આરાધના માટે પ.પૂ.સાધ્વજીશ્રીજી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીજીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ના પરમશિષ્યા પ.પૂ. સાધ્વીજીશ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીજી શ્રી નવકાર પ્રિયાશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ વડાલા સંઘનો પ્રાપ્ત થયેલ છે.

અષાઢ સુદ ૧૦ સોમવાર તા. ૨૯ જૂન ૨૦૨૦ના શુકનવંતા દિવસે સવારે ૬.૪૫ કલાકે આનંદોત્સવ સાથે શાંતિલાલ ધનજી રાયમલ દેઢિયા ફરાદીવાળાના નિવાસ સ્થાન પૂર્ણ શાંતિ બિલ્ડીંગ, સેંટ જોસેફ હાઈસ્કૂલની બાજુમાં, વડાલા (વેસ્ટ) મુંબઈ ૩૧ પાસેથી ચાતુર્માસ માટે પ્રવેશ કરશે અને એજ દિવસે પૂજ્યશ્રીનું ગુરૂપૂજન શ્રી સૂત્ર અને ચારિત્ર વહોરવાના ચડાવા અને પાંચ જ્ઞાન પૂજનના ચડાવા બોલાશે.

સરકારશ્રીના નિયમો પ્રમાણે મર્યાદામાં રહી નિયમો પાળી સકળ સંઘના સૌને પધારવાનું ભાવ ભર્યુ આમંત્રણ વડાલા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ દ્વારા અપાયું છે. ચાર્તુમસિક સહાયક દાતા યોજના રૂા. ૧૧૧૧૧ (બાર મહિના બોર્ડ ઉપર નામ રહેશે) આના ફોડ એક આના રૂા. ૧૦૦, પ્રવેશ પ્રભાવના એક આનાના રૂા. ૫૦૦/-

ચાર્તુમાસિક ફંડમાં નામ લખાવવા માટે અશોક સોમચંદ વરાડીયા મો.નં. ૯૮૨૧૧૪૪૩૨૪નો સંપર્ક કરવો. કાર્યક્રમનું શુભસ્થળ: શ્રી સંઘનું શ્રી ધનજી સાયમલ દેઢિયા ફરાદીવાળા દર્શન ઉપાશ્રય હોલ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ અને કવિઓ જૈન જ્ઞાતિ ટેરેસ હોલ, શ્રી સંભવનાથ ભગવાન ચોક, શ્રી જૈન દેરાસર લેન, વડાલા મુંબઈ ૩૧ ફોન.નં ૨૪૧૨૫૬૬૮.

# સંજીવની કેસ નં.૨૧ માટે આર્દ્રભરી અપીલ

મૂળગામ તેરા હાલે ઘાટકોપરના નવીનભાઈ શામજી સાવલા ઉ.વ.૬૦ પોતે સ્વતંત્ર રીતે  ઈલેકટ્રિશનનું કામ કરે છે. હાલે કોરોના પરિસ્થિતિને કારણે સોસાયટી-બિલ્ડીંગોમાં બહારની વ્યક્તિઓનો પ્રવેશ પર પ્રતિબંધ કે અંકુશ મૂકાયા છે માર્ચ માસથી નવાકામ, રીપેરીંગ આવક પણ બંધ છે. એટલે ઘર ખર્ચ માટેની આવક પણ બંધ છે. આર્થિક સંજોગ પરિસ્થિતિવશ કોઈ બચત સિલ્લક નથી કે ઈન્શ્યુરન્સ નથી.

તા. ૨૧ જૂન રવિવારે ઓચિંતા છાતીનો અસહ્ય દુઃખાવો થયો જેને લીધે પડોશીઓ દ્વારા આશીર્વાદ હૉસ્પિટલમાં તેમને દાખલ કરાયા. ડૉક્ટરોએ હાર્ટએટરે અને ડાબા અંગમાં લકવાની અસર થઈ હોવાનું નિદાન કર્યું. જેની સારવાર-ઈલાજ અને હૉસ્પિટલ ખર્ચ માટે રૂા. ૧ લાખ એકાંતરે હજારની ટહેલ જ્ઞાતિ સમક્ષ ચૂકાઈ છે. લકવાની અસરને કારણે થોડાક મહિના તેઓ પોતાનું કામ કરવા અસમર્થ હશે.

વિપરીત સંજોગોમાં મૂકાયેલ જ્ઞાતિના વડીલજનની મદદ માટે ઉદારદિલ જ્ઞાતિજનો હમેંશાની જેમ આગળ આવે અને જે પ્રમાણે આ અગાઉના વીસ સંજીવની કેસોમાં સહયોગ, સાથ-સમર્પણ આપ્યું છે. એવું આ કેસમાં પણ સૌ આપશે એવી શ્રદ્ધા મેડિકલ સમિતિ ચેરપર્સન મનિષાબેન શાહ પોલડિયા દ્વારા વ્યક્ત કરાઈ છે.



# મુંબઈ મહાજન દ્વારા ઓનલાઈન ધર્મશિક્ષા ફ્રોમ હોમ (DFH) નો શુભારંભ




શ્રી કચ્છી દશા ઓસવાલ મુંબઈ મહાજન દ્વારા કોરોના મહામારીના લીધે આપણી જ્ઞાતિ ધર્મ આરાધના અને ધર્મથી વંચિત ન રહી જાય તેને ધ્યાનમાં લઈ વર્તમાન પરિસ્થિતિને આધિન ઈલક્ટ્રોનિક મિડીયાનો સહારો લઈ એક અતિ આધુનિક પગલું અષાઢી બીજ સોમવાર તા.૨૨ જુન ૨૦૨૦થી ધર્મશિક્ષા ફ્રોમ હોમની શરૂઆત કન્વીનર મનોજભાઈ દામજી લોડાયાના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ વિશ્વમાં વધુને વધુ ધર્મ પ્રચાર થાય અને એનું અનુસરણ થાય તે માટે શરૂઆત કરી છે જેને જ્ઞાતિજનો દ્વારા સારામાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આજના તબક્કે એક બેચ ચાલુ કરવામાં આવ્યું છે. સમયાંતરે નવા બેચોની ઘોષણા કરવામાં આવશે. આ માટે એક વ્યવસ્થિત માર્ગદર્શિકા પણ બનાવવામાં આવી છે. જે આ સાથે આપેલ છે.

સોમવારથી શનિવાર ધર્મ શિક્ષા ફ્રોમ હોમ સવાર-સાંજ વોટ્સએપ મારફત કલાસ લેવાય છે. જેમાં ભાવાર્થ સાથે સમાવિષ્ટ સૂત્રો શીખડાવે છે.




સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ ચૈત્યવંદન વિધિ,

સાંજે ૪ થી ૫ સામાયિક વિધિ,

સાંજે ૭ થી ૯ રાઈ પ્રતિક્રમણ,

દેવસિક પ્રતિક્રમણ.

વિદ્યાર્થી દીઠ ૧૫ મિનિટ પંચ પ્રતિક્રમણ

આ ધર્મ શિક્ષણ કલાસમાં કોઈ ઉંમર બાધ નથી, કોઈ ફી નથી. કલાસનું વૈશિષ્ઠ મુંબઈ મહાજન નિયુક્ત વિદ્વાન શિક્ષકો. બાળકો અને ઝડપી શીખનારને ઈનામો અપાશે.

જેમાં સમગ્ર ભારત તેમજ વિશ્વમાંથી ૧૦૦ જેટલા શ્રાવકોએ આ ધાર્મિક પાઠશાળાનો લાભ લીધો હતો. આ શિબિર અવિરત ચાલુ રહેશે તેની માટે આજના તબક્કે ૭ ધાર્મિક ટીચરો (૧) ભાગ્યલક્ષ્મી નાગડા (૨) લક્ષ્મીબેન ધરમશી (૩) કાંતાબેન લાલકા (૪) પ્રેમિલાબેન કુરુવા (૫) ઉર્વશીબેન શાહ (૬) ડિમ્પલબેન ખોના (૭) છાયાબેન મોમાયાની નિમણૂંક કરવામાં આવી છે.

આ પ્રયોગમાં ભાગ લેવા આપના સુઝાવ તેમજ વધુમાં વધુ જ્ઞાતિજનો લાભ લેવા ઈચ્છતા શ્રાવકોએ મનોજ લોડાયાનો મોનં. ૯૮૩૩૦૩૯૯૮૦નો સંપર્ક કરવો.

# કેડીઓ ક્લાસિક યુથ દ્વારા જૈન માઈનોરીટીના ફાયદાઓને સમજાવતા એક વેબિનારનું ઓનલાઈન આયોજન










કોરોનાની મહામારીના લીધે લોકડાઉનને ધ્યાનમાં લઈને કેડીઓ ક્લાસિક યુથ દ્વારા જૈન માઈનોરીટીના ફાયદાઓને સમજાવતા એક વેબિનારનું ઓનલાઈન આયોજન તા.૨૦ જુન ૨૦૨૦ના કરવામાં આવ્યું હતું.

લલીત ગાંધી જેઓ નેશનલ જૈન માઈનોરીટી ફેડરેશનના પ્રમુખ છે તેઓએ આ વેબિનારમાં માઈનોરીટીના ફાયદા વિશેની સમજ આપી હતી. આ વેબિનારનો લાભ ૭૦થી વધુ લોકોએ લીધો હતો.

# ગુજરાત મિડીયા એસોસિયેશન દ્વારા પ્રબોધ મુનવરને કોરોના વોરિયર્સ સન્માન મળ્યું

વડોદરાની ગુજરાત મિડીયા એસોસિયેશનની જિલ્લા છોટા ઉદેપુર શાખા દ્વારા માનવજ્યોત કચ્છ ભુજના પ્રમુખ, મૂળ કોઠારાના હાલે ભુજના પ્રબોધ હિરાચંદ મુનવરએ દેશભરમાં હાલે ચાલી રહેલા કોરોના વાયરસ કોવિડ-૧૯ની મહામારી સમયમાં સ્વ સ્વાસ્થ્યની સ્વ પરિવારની ચિંતા કાળજી કર્યા વગર સમાજ સેવાનું સતત યજ્ઞ આદર્યું અને આ લડાઈ સામે લડવા અમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું. જે બદલ તેમને સન્માન પત્રક આપી બિરદાવેલ છે.






રજીસ્ટર્ડ સંસ્થા ગુજરાત મિડીયા એસોસિયેશનના સંરક્ષક વિમલ પટેલ, પ્રમુખ મયૂર શેઠ સાથે કારોબારી પદાધિકારીઓ અને કચ્છ જિલ્લા શાખા પ્રમુખ કૌશિક છાયાએ અભિનંદન વર્ષા અનુમોદના કરી હતી.

**સમસ્ત મહાજન આપના લોકડાઉન દરમ્યાન કરેલ સેવાકાર્યોને સલામ કરે છે**

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યું હોય તે તમારો એરીયાના મહાસમિતિના સભ્યોનો સંપર્ક સાધી આપની વિગતો આપો અને સમસ્ત મહાજન દ્વારા થનારા બહુમાનમાં આપ સહભાગી થાઓ**

**વધુ વિગત માટે સંપર્ક :**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

**Email : gyatimaiya2018@gmail.com**

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી સુથરી જૈન સંઘ

## ચાતુર્માસ પ્રવેશ તથા આરાધના માટે સપ્રેમ આમંત્રણ

પરમ કૃપાળુ પરમેશ્વર શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કૃપાથી તથા તપસ્વી, તપચક્રવર્તી પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીની અમી દષ્ટિએ સુથરી સંઘને **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તી **મુનિરાજ શ્રી પૂર્ણભદ્ર સાગરજી મ.સા.** ના શિષ્ય ૨૭ વર્ષથી વરસી તપના આરાધક **મુનિશ્રી હિતવર્ધન સાગરજી મ.સા.**નો ચાતુર્માસ માટે મંગળ આગમન.

**ચાતુર્માસ પ્રવેશ : અષાઢ સુદ પૂનમ તા. ૪-૭-૨૦૨૦ શનિવાર**

આપ સર્વે ગામવાસીઓ, જ્ઞાતિજનો - ચાતુર્માસના તા. ૩-૭-૨૦૨૦ શુક્રવાર થી ભાદરવા સુદ ૬ ને તા. ૨૪-૮-૨૦૨૦ સોમવાર સુધી સુથરી ગામે સેવા, આરાધના કરી કર્મ નિર્જરા કરવા પધારવા હાર્દિક આમંત્રણ.

આપના રહેવાની, ભોજનની સર્વ પ્રકારની સુવિધા શ્રી સુથરી સંઘ દ્વારા કરવામાં આવશે.

**સંપર્ક : સુથરી - જીગ્નેશ છેડા (મો.: ૯૭૨૬૨૧૩૮૨૭)**

લિ. **શ્રી સુથરી જૈન સંઘ**

તા. ક.: વર્તમાન કોરોના મહામારી ઉપદ્રવને લક્ષમાં રાખી ચાતુર્માસ દરમિયાન સરકારી નિયમોને આધિન રહીને ઉજવણી માટે પ્રયાસ કરાશે.

દા.ત.: ૧) મુનિરાજ દ્વારા ગામમાં ચાતુર્માસ માટે પ્રવેશ.
૨) સોશિયલ ડિસ્ટન્સી અર્થાત દરેક વ્યક્તિ વચ્ચે અંતર જાળવણી.
૩) પ્રવેશ તથા ચાતુર્માસ માટે આવનાર દરેકે.

**સુથરી તીર્થે તા. ૩-૭-૨૦૨૦ સુધી પહોંચવા વિનંતી.**




• મહાવીર જ્યોતના ઉપક્રમે જૈન સાધુ ભગવંતો અને અન્યો માટે ઘાટકોપર અને ગોરેગામ ખાતે સ્ટેમ સેલ દ્વારા ઘૂંટણની સારવારનો કેમ્પ યોજાયો હતો. જેમાં સાધુ-સાધ્વીજી મ.સા. સાથે ૬૮ જણની ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. કેમ્પમાં સામાન્ય દર્દીઓને ટ્રીટમેન્ટ ખર્ચ જેટલો ચાર્જ લેવાયો હતો. જ્યારે સાધુ-સંતોની સારવાર નિઃશુલ્ક કરાઈ હતી. જે તમામ ખર્ચ મહાવીર જ્યોતે ભોગવ્યો હતો.

• ગુજરાતની સંસ્કૃતિમાં લાગણી બોલે એ લોકગીત પરંપરાથી ચાલ્યા આવતા લોકગીતની સ્પર્ધાનું આયોજન માંડવી બ્રાહ્મણ સમાજની મહિલાઓ દ્વારા સૌ પ્રથમ વખત કરાયું હતું. બે વિભાગના વય જૂથમાં ૩૦ બહેનોએ ભાગ લીધો હતો. બંન્ને વિભાગોમાંથી ત્રણ-ત્રણ વિજેતાઓને ઈનામ અપાયા હતા. નિર્ણાયક તરીકે કિરણબેન કોટક અને નિશાબેન સંઘવીએ સેવા આપી હતી.

• માંડવીના જાયન્ટસ ગ્રુપ દ્વારા મહિલાઓ માટે ૨૦૩ જો હિમોગ્લોબિન રક્ત પરીક્ષણનો કેમ્પ યોજાયો. છેલ્લા ૨૦૩ માસથી મહિલાઓ માટે દર માસના છેલ્લા રવિવારે યોજાતા રક્ત પરીક્ષણ કેમ્પ મહિલાઓ માટે આશીર્વાદ રૂપ છે. કેમ્પનો માંડવી તેમજ આજુબાજુના ગામોની ૧૭૯ મહિલાઓએ લાભ લીધો હતો. તમામ મહિલાઓને હિમોગ્લોબિન વધારવાની એક માસની દવા નિઃશુલ્ક અપાઈ હતી.

• ભુજ સ્થિત અભય કલરલેબએ લાઈટ ઈન ધ ડાર્કનેસ એટલે અંધકારમાં પ્રકાશ નામથી આ લાઈન ફોટોગ્રાફી સ્પર્ધા યોજી હતી. રાજ્ય ભરમાંથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો. સ્પર્ધાના નિયમો મુજબ છ ફોટોગ્રાફ જજ પેનલ દ્વારા સિલેક્ટ કરવામાં આવ્યા હતા. આ વિજેતાઓને આકર્ષક ઈનામોની ભેટ આપી. તે ઉપરાંત સોશ્યલ મિડિયામાં ફોટોગ્રાફ અપલોડ કરી વ્યુઅર્સ ચોઈસ રાખવામાં આવી હતી. જે ફોટોને વધુ લાઈક મળ્યાં તે વિજેતા થયા હતા. જેમાં પ્રથમ વિજેતા અંજારના કુલદીપનાથ, દ્વિતીય ભુજના યશરાજ ડુડિયા અને તૃતીય સ્થાને મહેશાણાના અતુલ પટેલ વિજેતા નિવડ્યા હતા.

• જિલ્લા પંચાયત અને એમ ફાઉન્ડેશની સંયુક્ત ઉપક્રમે માનસિક તણાવ દૂર કરવા માટે વેબિનાર યોજાયો. કોરોના મહામારીના અસરરૂપે ચિંતા, અતાર્કિક ભય, તણાવ, હતાશા, વ્યસન અને આત્મહત્યાના નકારાત્મક વિચારોથી પીડાતા લોકોને માનસિક આરોગ્ય જાળવવા માટે આ વેબિનાર બહુ ઉપયોગી થયો હતો.

• કોરોના વાઈરસના મહામારી સામે લડતા સરકારી તંત્રોને મદદ કરવા વ્યાપારીઓ, વ્યવસાયિકો આગળ આવ્યા છે. મૂળ ગુંદાલાના હાલે મુલુંડમાં રહેતા રોહિતભાઈ શાહ અને મનોજભાઈ શાહએ થાણાની પોતાની થ્રી સ્ટાર હોટલ થાણા સિવિલ હૉસ્પિટલના કોરોના વોરીયર્સ ડૉક્ટરો, નર્સો માટે રહેવા આરામ કરવા ૩૦ રૂમો આપી છે. સવારના નાસ્તો, બે ટાઈમ ભોજન, રાતે ગમે તે સમયે ચા નાસ્તાની સગવડ ઉપરાંત તેમના માટે ૨૮ જણા સ્ટાફને ફાળવ્યા છે. જે ખાસ પોષાક માસ્ક પહેરી તેમની તહેનાતમાં રહે છે. ડૉક્ટરો માટે અલગ લીફ્ટ ફાળવી છે.

• ગાંધીધામના વાગડ બે ચોવિસ સ્થાનકવાસી જૈન મહિલા મંડળ દ્વારા ૧૫ જેટલા મહિલા મંડળો વચ્ચે જૈન ફેશન હંટ યોજાયો જેમાં પાંચ મંડળોને ઉત્કૃષ્ટ જાહેર કરાયા હતા.

• અગાઉ મુલુંડમાં રહેતા અને હાલે લુધિયાણામાં વર્ધમાન ટેક્સ્ટાઈલ કું.ના ગારમેન્ટ યુનિટના બિઝનેસ હેડ તરીકે ફરજ બજાવતા કચ્છી સારસ્વત સમાજના નૈલેશ જી. જોષી ડૉક્ટરોના રક્ષણ માટે ખાસ પ્રકારના પીપીઈ સૂટ બનાવવા માટેનું મશીન શોધયું છે. જે ચીન મેડમશીન કરતાં લગભગ અડધા ભાવે માર્કેટમાં મળશે.

# લોકડાઉનની પરિસ્થિતિમાં કોને શું શીખવા મળ્યું?!! એ વિશે જ્ઞાતિજનોના મંતવ્ય

## નવા નવા અનુભવનો આનંદ માણ્યો



**કાશ્મીરા લુઠિયા**

કોવિદ-૧૯ શબ્દ પ્રથમ વાર સાંભળ્યો શરૂઆતે થોડા દિવસ ચાલશે એવું લાગ્યું પછી તો શબ્દકોશમાં કોરોના, માસ્ક, લોકડાઉન, સોશ્યલ ડિસ્ટન્સિંગ, ક્વોરોન્ટાઈનઓની ભયાનકતા સાંભળીને સમજીને સાવચેતીથી ઘરે લોકડાઉન થવું પડ્યું. ઘરે બેસવું આકરું લાગે પણ બહાર નીકળવું યોગ્ય ન હતું.

પરિવાર સાથેનો આનંદ માણવાનો લાભ પૌત્ર માંડ માંડ મળેલો એની સાથે મજા, બધાનો બધા કાર્યમાં સાથ સહકાર, સહભોજન સાથે ડિઝીટલ યુગમાં મોબાઈલ, ઈન્ટરનેટથી ઘણું બધું જાણી લેવું. હકારાત્મક વિચારો કેર કેવી રીતે લેવી, સ્વ તરફ જવાનો ટાઈમમાં કોઈ ગોસીપ, નહીં આ એક સારૂ પાસું સમજાયું.

નવરા બેસવાનું ગમે નહીં. તેથી જે ટાઈમ મળે એમાં સગાઈ માટે યોગ્ય પાત્રોની એક બીજાને માહિતી મોકલાવવી. પરબ મસાલા વિતરણ કેન્સલ થતા બહેનોને માર્ગદર્શન પરબ સંસ્થાને શ્રેષ્ઠી શ્રી પદમભાઈ સોનીના સહકારથી જરૂરિયાતમંદ પરિવારજનો માટેની નામાવલી સમયસર પહોંચી જાય એની ગોઠવણ પરબ ટીમએ કરી. દિવ્યાંગજનો સાથે વાતચીત થઈ. ઘણા દિવ્યાંગ તકલીફ કરતા પોતાની ગમતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતા અને પોઝિટિવ હતા. એક દિવ્યાંગબેન નીનાબેન મરચન્ટ રૂા.૧૫૦૦૦નો ફાળો આવા કપરા સમયે દિવ્યાંગ શક્તિમાં આપ્યો. ગૌરવ લેવા જેવી વાત છે. આપણી આસપાસ નબળા પરિવાર, કુટુંબીજનો સિક્યુરિટી ગાર્ડ, દુધવાળા, પેપરવાળાનું ધ્યાન બધી રીતે રાખવું પડ્યું.

**ખરાબ અનુભવ :** બીનજરૂરી મેસેજ, વોટ્સએપ, નકામા વિડીયો ડિલીટ કરતા ગૃહકાર્ય કરીએ એના કરતા કંટાળાભર્યું છે.

**સંદેશ :** આંખુ ખુલ્લી રાખીને આજુબાજુ નજર ફેરવો. ટેક્નોલોજીથી અપડેટ રહો ઘરે રહીને પ્રોડક્ટીવ રહો. તમારામાં રહેલા જૂના શોખને કેળવો.

## લોકડાઉનમાં સમિશ્ર અનુભવો થયા



**નિતીન સાયલા**

કોરોનાની મહામારીને અને તેના માટે ઉપાય યોજના તરીકે કરવામાં આવેલ લોકડાઉનના સમિશ્ર અનુભવો થયા. આખો દિવસ ઘરમાં રહી પણ વ્યસ્ત જીવન જીવવા શીખી ગયો. શરૂઆતમાં કંટાળાજનક દિવસો અનુભવ્યા પણ પછી સમયનો વિચાર કરીને આવી જીંદગી જીવવાની ટેવ પાડી લીધી. જીવનમાં જે કરવાનું ધાર્યું હતું તેને પરીપૂર્ણ કરવાની તક મળી. વાંચનનો જૂનો શોખ પુરો કર્યો. ઘણાબધા વિષયો ઉપરના પુસ્તકો વાંચી સંતોષ થયો. આ સમયમાં સાચા મિત્રો-સગાઓ અને પાડોશીઓનો મિશ્ર અનભવ થયો. ફોનથી સતત સંપર્કમાં રહેતા મિત્રો અને સગા-વહાલાઓ માટે માનની લાગણી અનુભવી અને આપણે એકલા નથી એની જાણ થઈ.

આધ્યાત્મિકતા ઉપર અભ્યાસ કરવાનો પુરો સમય પ્રાપ્ત થયો. વર્ક ફ્રોમ હોમની આદી કેળવાઈ ગઈ. આ બધાય અનુભવોમાં દુ:ખદ વાત એક જ હતી કે દેરાસર જઈને પરમાત્મા (ભગવાન)ના દર્શનથી વંચિત રહ્યા. સમયાંતરે દેરાસરજીના ધ્વજાના દર્શન કરી સંતોષ માની લીધો. અર્થાત ઘરમાં બિરાજીત ફોટાઓ દ્વારા આરાધના કરતા રહ્યા, જેથી ધર્મભાવના જાગૃત રહી ખાસ અનુભવ ધર્મપત્નીના યોગદાનની અનુભૂતિ / જાણ થઈ.

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ ટ્રસ્ટ મુંબઈ દ્વારા શ્રી વરાડીયા સાધર્મિક સહાય યોજના

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા મે ૨૦૨૦ના છેલ્લા અઠવાડિયામાં વરાડિયા ગામના જરૂરતમંદ પરિવારજનો પાસેથી સહાય મળવા માટેની અરજીઓ મંગાવામાં આવેલ. જેના અનુસંધાનમાં ૨૩ પરિવારજનોની અરજીઓ આવેલ તે બધા વરાડીયાવાસીઓને આર્થિક સહાય રૂા.૨૦૦૦/-માં મોકલી અપાયા છે.

આ વખતે ફરી એક વખત રૂા.૨૦૦૦/-ની સહાય માટે અરજીઓ મંગાવવામાં આવી છે. ગયા વખતે જેમને સહાય આપવામાં આવી છે. તેમને ફરી અરજી કરવી હોય તો નીચે મુજબ કોરા પત્ર પર અરજી વિગત લખી સહી કરી એ પત્ર વોટસએપ પર દીપક ગંગાજર ડાઘા-૮૭૬૭૭૫૩૦૮૨ ઉપર મોકલી આપવાની રહેશે.

જે કોઈ નવા પરિવારને સહાયની જરૂર છે તેમણે ગયા મહિને ગ્રુપમાં આપેલ વિગતો મુજબ અરજી કરવી અથવા દીપક ગંગાજર પાસેથી અરજી પત્રક ફોર્મેટ મંગાવી લેવું.

**જૂના સાધર્મિકજનો માટે અરજી પત્રક નમૂનો**

પ્રતિ,
શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ
મુંબઈ
મહોદય

ગયા મહિને અમારા પરિવારે કરેલ અરજી મુજબ અમને રૂા.૨૦૦૦/- આભાર મળી ગયા છે.

ફરી એક વખત સહાયની અરજીના અનુસંધાનમાં આપને વિનંતી કે અમને ફરી એક વખત રૂા.૨૦૦૦/-ના સહાય આપશો. અમારા બેંક એકાઉન્ટની વિગત ગયા મહિને અરજીમાં લખેલ તે મુજબ જ છે.

એજ લી. ______________________
સહી ______________________
નામ ______________________
સ્થાન ______________________
તારીખ ______________________

## જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | **• જન્મ •** | | |
| ૧૫.૦૬.૨૦૨૦ | જાલના | દીયાંશ, ખુશ્બુ યુનીત ધરમશી | નલિયા | પુત્ર |
| ૧૬.૦૬.૨૦૨૦ | અહમદનગર | આગમ, મધુરીમા નિલેશ લોડાયા | રાપરગઢવારી | પુત્ર |
| | | **• સગપણ •** | | |
| ૨૨.૦૬.૨૦૨૦ | ડોંબિવલી (પૂ) | દિપ અતુલ લાલકા | વારાપધર | - |
| | થાણા (પ) | ઉર્વી નીરેન લોડાયા | નલિયા | - |
| | | **• મરણ •** | | |
| ૧૬.૦૬.૨૦૨૦ | મુલુંડ (પ) | ચીમનલાલ દંડ | સુથરી | ૮૫ |
| ૧૮.૦૬.૨૦૨૦ | વિરાર (પૂ) | વિજયાલક્ષ્મી (સોનબાઈ) લક્ષ્મીચંદ ગોસર | ગોએરસમા | ૭૨ |
| ૨૦.૦૬.૨૦૨૦ | હુબલી | મેઘના મુલરાજ ધરમશી (ઝવેરી) | જખૌ | ૪૫ |
| ૨૧.૦૬.૨૦૨૦ | ભાંડુપ (પ) | પ્રભાવંતી પ્રેમચંદ લોડાયા | સિંધોડી | ૭૪ |
| ૨૪.૦૬.૨૦૨૦ | ભાંડુપ (પ) | શશીકલા શ્રીકાંત ધરમશી | સુથરી | ૭૫ |
| ૨૬.૦૬.૨૦૨૦ | મસ્જીદ બંદર | હરીશ રાયચંદ ધુલ્લા | રંગપુર | ૬૩ |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO